## સિનિયર ક્લાર્ક મુખ્ય પરિક્ષાની તારીખ જાહેર કરવા બાબત

સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી સંચાલિત શ્રી બી. કે. પટેલ આર્ટસ અને શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કોલેજ, સાવલી ધ્વારા સિનિયર ક્લાર્કની પરીક્ષા માટે લાયક ઉમેદવારોની મુખ્ય પરિક્ષાના આયોજનની વિગત નીચે મુજબ છે.જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

| સ્થળ | મુખ્ય પરીક્ષા પેપર નં | પરીક્ષાનો સમય | પરીક્ષાની તારીખ |
|---|---|---|---|
| શ્રી બી. કે. પટેલ આર્ટસ અને શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કોલેજ, સાવલી | ૧ ગુજરાતી (૧૦૦ ગુણ) | ૦૨:૦૦ થી ૦૫:૦૦ | ૧૩/૦૫/૨૦૨૬ |
| | ૨ અંગ્રેજી (૧૦૦ ગુણ) | ૧૦:૦૦ થી ૦૧:૦૦ | ૧૪/૦૫/૨૦૨૬ |
| | ૩. જનરલ સ્ટડીઝ (૧૫૦ ગુણ) | ૦૨:૦૦ થી ૦૫:૦૦ | ૧૪/૦૫/૨૦૨૬ |

## જુનિયર ક્લાર્ક મુખ્ય પરિક્ષાની તારીખ જાહેર કરવા બાબત

સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી સંચાલિત શ્રી બી. કે. પટેલ આર્ટસ અને શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કોલેજ, સાવલી ધ્વારા જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે લાયક ઉમેદવારોની મુખ્ય પરિક્ષાના આયોજનની વિગત નીચે મુજબ છે.જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

| સ્થળ | મુખ્ય પરીક્ષા પેપર નં | પરીક્ષાનો સમય | પરીક્ષાની તારીખ |
|---|---|---|---|
| શ્રી બી. કે. પટેલ આર્ટસ અને શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કોલેજ, સાવલી | જનરલ સ્ટડીઝ (૨૦૦ ગુણ) | ૧૦:૦૦ થી ૧૨:૦૦ | ૧૩/૦૫/૨૦૨૬ |

Shri B.K. Patel Arts & Smt L.M Patel Commerce College
SAVLI, DIS. VADODARA

Principal
Shri B. K. Patel Arts &
Smt. L. M. Patel Commerce College
Savli, Dist. Vadodara.

Scanned with OKEN Scanner

## પરીક્ષાની પદ્ધતિ અને અભ્યાસક્રમ (Scheme and Syllabus of Examination)

૧. પરીક્ષાનું માળખું:

પરીક્ષા મુખ્યત્વે હેતુલક્ષી (Objective - MCQ) પ્રકારની રહેશે. દરેક સાચા જવાબ માટે ૧ ગુણ આપવામાં આવશે.

ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંક (Negative Marking) પદ્ધતિ અમલમાં રહેશે, જેમાં દરેક ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે.

૨. વિષયવાર ગુણની વહેંચણી:

| ક્રમ | વિષયનું નામ | ગુણ |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૨૦ |
| ૨ | ગુજરાતી | ૨૦ |
| ૩ | રાજ્યશાસ્ત્ર/જાહેર વહીવટ/આરટીઆઈ (માહિતીનો અધિકાર અધિનિયમ)/સીપીએસ/પીસીએ: | ૩૦ |
| ૪ | ઇતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો | ૩૦ |
| ૫ | અર્થશાસ્ત્ર, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી | ૩૦ |
| ૬ | વર્તમાન બાબતો અને રીઝનિંગ સાથે વર્તમાન બાબતો | ૩૦ |
| ૭ | રીઝનિંગ (તર્ક) | ૪૦ |
| | કુલ ગુણ | ૨૦૦ |

Shri B.K. Patel Arts & Smt L.M. Patel Commerce College SAVLI, DIS. VADODARA

૩. સમય મર્યાદા:

આ પરીક્ષા પૂર્ણ કરવા માટે ઉમેદવારને કુલ ૧૨૦ મિનિટ (૨ કલાક) નો સમય આપવામાં આવશે.

આ વિભાગમાં પરીક્ષા દરમિયાન ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ગેરરીતિઓ અને તેના પરિણામે લેવામાં આવતા પગલાંની વિગતવાર માહિતી આપવામાં આવી છે:

- ઉમેદવારે પરીક્ષા ખંડમાં કોઈપણ પ્રકારના પુસ્તકો, હસ્તલિખિત ચિઠ્ઠીઓ, છાપેલું લખાણ અથવા પરીક્ષાને લગતી કોઈપણ સામગ્રી લાવવી નહીં.
- જો કોઈ ઉમેદવાર અન્ય ઉમેદવારની નકલ કરતા, નકલ કરાવતા અથવા કોઈ પણ રીતે એકબીજાને મદદ કરતા ઝડપાશે, તો તેમની ઉમેદવારી તુરંત રદ કરવામાં આવશે.
- મોબાઈલ ફોન, બ્લૂટૂથ, સ્માર્ટ વોચ અથવા અન્ય કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણ પરીક્ષા ખંડમાં રાખવા પર સખત પ્રતિબંધ છે. જો આવું સાધન મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે અને ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.
- સુપરવાઈઝર કે પરીક્ષા કેન્દ્રના કર્મચારીઓ સાથે દલીલબાજી કરવી, અસભ્ય વર્તન કરવું કે પરીક્ષાની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવી એ ગંભીર શિસ્તભંગ ગણાશે.
- ગંભીર પ્રકારની ગેરરીતિના કિસ્સામાં મંડળ/સંસ્થા દ્વારા ઉમેદવાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ (FIR) દાખલ કરવામાં આવી શકે છે અને ભવિષ્યની પરીક્ષાઓ માટે પ્રતિબંધિત કરવામાં આવી શકે છે.

Scanned with OKEN Scanner

- પરીક્ષા શરૂ થયા પછી પ્રથમ ૩૦ મિનિટ દરમિયાન અને પરીક્ષા પૂર્ણ થવાની છેલ્લી ૧૦ મિનિટ દરમિયાન કોઈ પણ ઉમેદવારને વર્ગખંડની બહાર (પાણી કે શૌચાલય માટે) જવાની મંજૂરી મળશે નહીં.
- પરીક્ષાનો સમય પૂર્ણ થયા બાદ ઉમેદવારે પોતાની ઓ.એમ.આર. શીટ બ્લોક સુપરવાઈઝરને રૂબરૂ સોંપવાની રહેશે. સુપરવાઈઝરની મંજૂરી વગર સીટ પરથી ઊભા થવું નહીં.
- સામાન્ય રીતે ઉમેદવારને પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્રક (Question Booklet) પોતાની સાથે લઈ જવાની મંજૂરી આપવામાં આવે છે, સિવાય કે કોઈ ખાસ સૂચના આપવામાં આવી હોય.
- ઉમેદવારે ઓ.એમ.આર. શીટમાં પોતાનો રોલ નંબર, પ્રશ્નપત્રક સીરીઝ અને અન્ય વિગતો ચોકસાઈપૂર્વક ભરી છે તેની ખાતરી કરી લેવી. વિગતોમાં ભૂલ હશે તો ઓ.એમ.આર. ચેક કરવામાં આવશે નહીં.

Shri B.K. Patel Arts & Smt L.M Patel Commerce College
SAVLI,
DIS. VADODARA

Principal
Shri B. K. Patel Arts &
Smt. L.M. Patel Commerce College
Savli, Dist. Vadodara.

Scanned with OKEN Scanner